INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૦૧-૦૨-૨૦૨૬

## "જન આક્રોશ યાત્રા"-પરિવર્તનનો શંખનાદ, ત્રીજા ચરણની શરૂઆત

**દક્ષીણ ગુજરાતમાં વલસાડ- કપરાડા ખાતે તા.૦૨ફેબ્રુઆરી ૨૦૨૬ થી યાત્રાનું પ્રસ્થાન તથા જન આક્રોશ સભા**

**પ્રથમ ચરણ ઉત્તર ગુજરાત, દ્વિતીય ચરણ મધ્ય ગુજરાતના કુલ ૧૪ જીલ્લાઓ આવરીને ૭૨ જાહેર સભા, ૩૫૦ જેટલા સ્થાનિક સ્વાગત પોઈન્ટ, શહેરોમાં યુવા સાથીઓ સાથે બાઈક રેલી થકી કુલ ૨૭૦૦ કી.મી.નો પ્રવાસ કરી ગુજરાતની જનતાનો વ્યાપક પ્રતિસાદ સાથે જનતાના આક્રોશનો સશક્ત અવાજ સફળતાપૂર્વક રજુ કરવામાં આવ્યો.**

- **ભાજપ સરકાર આદિવાસી સમાજના જળ, જંગલ અને જમીનના અધિકાર છીનવી રહી છે. : શ્રી અમિત ચાવડા**
- **આજે દક્ષિણ ગુજરાત અનેક મોરચે સંકટમાં ફસાયેલું છે. સુરત, ભરૂચ, વલસાડ અને તાપી જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં નાના અને મધ્યમ ઉદ્યોગો બંધ થવાના કારણે રોજગાર સંકટ ઘેરું બન્યું છે અને હજારો શ્રમિકો તથા યુવાનો બેરોજગાર બન્યા છે. : શ્રી અમિત ચાવડા**
- **હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગમાં આવેલી મંદીના કારણે કામદારોની છટણી, પગારમાં કપાત અને રોજગારની અનિશ્ચિતતાએ હજારો પરિવારોના જીવન પર સીધી અસર કરી છે. : શ્રી અમિત ચાવડા**
- **આદિવાસી વિસ્તારોમાં આજે પણ આરોગ્ય, શિક્ષણ, રસ્તા, પીવાનું પાણી અને મોબાઈલ કનેક્ટિવિટી જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ છે, જે સરકારની નિષ્ફળતાનો પુરાવો છે. : શ્રી અમિત ચાવડા**
- **આદિવાસી વિસ્તારમાં રહેતા સમાજના અસલ નિવાસીઓને પણ પ્રમાણપત્રો મેળવવામાં અડચણ થઈ રહી છે, ફોરેસ્ટ રાઈટ એક્ટ હેઠળના હક્કો ન મળવા, જમીન કબજા અને પુનર્વસન તથા વળતર સંબંધિત પ્રશ્નો અંગે સરકાર મૌન છે. : ડૉ. તુષાર ચૌધરી**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશી તથા મીડિયા કોકન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ગુજરાત કોંગ્રેસ દ્વારા રાજ્યભરમાં જનતાના પ્રશ્નો, પીડા અને આક્રોશને વાચા આપવા માટે શરૂ કરાયેલી ઐતિહાસિક 'જન આક્રોશ યાત્રા – પરિવર્તનનો શંખનાદ' રાજ્યના લાખો નાગરિકોને સ્પર્શી ચૂકી છે. આ યાત્રા દ્વારા ભાજપ સરકારની નિષ્ફળતાઓ સામે જન અવાજને મજબૂત રીતે ઊભો કરવામાં આવી રહ્યો છે.પ્રથમ ચરણ ઉત્તર ગુજરાત, દ્વિતીય ચરણ મધ્ય ગુજરાતના કુલ ૧૪ જીલ્લાઓ આવરીને ૭૨ જાહેર સભા, ૩૫૦ જેટલા સ્થાનિક સ્વાગત પોઈન્ટ, શહેરોમાં યુવા સાથીઓ સાથે બાઈક રેલી થકી કુલ ૨૭૦૦ કી.મી.નો પ્રવાસ કરી ગુજરાતની જનતાનો વ્યાપક પ્રતિસાદ સાથે જનતાના આક્રોશને સશક્ત અવાજ સ્વરૂપે સફળતાપૂર્વક રજુ કરવામાં આવ્યા બાદ 'જન આક્રોશ યાત્રા – પરિવર્તનનો શંખનાદ'ના ત્રીજા ચરણની શરૂઆત કરવામાં આવી રહી છે.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી અને ગુજરાત પ્રભારી શ્રી મુકુલ વાસનિકજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી, ગુજરાત સંગઠન સહ પ્રભારી શ્રી શ્રીનિવાસ બી.વી., રાષ્ટ્રીય આદિવાસી કોંગ્રેસના ચેરમેન ડો. વિક્રાંત ભુરીયા, ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલ, તથા વરિષ્ઠ આગેવાનશ્રીઓ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતીમાં ગુજરાતની જનતાના પ્રશ્નો-તકલીફ-દર્દ-પીડા અને આક્રોશને વાચા આપવા 'જન આક્રોશ યાત્રા'-પરિવર્તનનો શંખનાદ. દક્ષીણ ગુજરાતમાં વલસાડ – કપરાડાથી તા. ૦૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ કરવામાં આવશે.

૧૧૦૦ કી.મી.ની ત્રીજા ચરણની દરમિયાન યાત્રા દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, ડાંગ, તાપી, સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લાઓના વિવિધ ગામો અને શહેરોને આવરી લેશે. સમગ્ર યાત્રા દરમિયાન વિવિધ જન સંવાદ કાર્યક્રમો, યુવા બાઈક રેલી, જાહેર સભાઓ અને સ્વાગત પોઈન્ટ દ્વારા દક્ષિણ ગુજરાતની જનતાના મુખ્ય પ્રશ્નો, મુશ્કેલીઓ અને આક્રોશને મજબૂત રીતે વાચા આપવામાં આવશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિત ચાવડાએ દક્ષિણ ગુજરાતની જનતાના ગંભીર પ્રશ્નો ઉજાગર કરતા જણાવ્યું હતું કે આજે દક્ષિણ ગુજરાત અનેક મોરચે સંકટમાં ફસાયેલું છે. સુરત, ભરૂચ, વલસાડ અને તાપી જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં નાના અને મધ્યમ ઉદ્યોગો બંધ થવાના કારણે રોજગાર સંકટ ઘેરું બન્યું છે અને હજારો શ્રમિકો તથા યુવાનો બેરોજગાર બન્યા છે. ખાસ કરીને સુરતના હીરા અને ટેક્સટાઇલ ઉદ્યોગમાં આવેલી મંદીના કારણે કામદારોની છટણી, પગારમાં કપાત અને રોજગારની અનિશ્ચિતતાએ હજારો પરિવારોના જીવન પર સીધી અસર કરી છે.

ભાજપ સરકાર આદિવાસી સમાજના જળ, જંગલ અને જમીનના અધિકાર છીનવી રહી છે. ડાંગ, તાપી અને નર્મદા જેવા આદિવાસી વિસ્તારોમાં આજે પણ આરોગ્ય, શિક્ષણ, રસ્તા, પીવાનું પાણી અને મોબાઈલ કનેક્ટિવિટી જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ છે, જે સરકારની નિષ્ફળતાનો પુરાવો છે. ખેડૂતોને પાણી, અપૂર્ણ કેનાલ નેટવર્ક, વધતા ખાતર-બીજના ભાવ અને પાકના યોગ્ય ભાવ ન મળવાની સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે, જ્યારે નર્મદા યોજનાના સંપૂર્ણ લાભ દક્ષિણ ગુજરાતના અંતિમ ગામ સુધી પહોંચ્યા નથી.

શ્રી અમિત ચાવડાએ સરકાર પર આક્ષેપ કરતા જણાવ્યું કે સરકારી શાળાઓ અને હોસ્પિટલોમાં સ્ટાફની અછત, સુવિધાઓની કમી અને ખાનગી સંસ્થાઓની મોંઘવારીને કારણે સામાન્ય જનતા પર ભારે બોજ પડી રહ્યો છે. મહિલાઓની સુરક્ષા, રોજગાર અને સ્વસહાય જૂથોને પૂરતું આર્થિક સહયોગ ન મળવો પણ ગંભીર મુદ્દો છે. સાથે સાથે શિક્ષિત યુવાનોને સ્થાનિક સ્તરે રોજગાર ન મળતા તેમને સ્થળાંતર કરવું પડે છે, જે દક્ષિણ ગુજરાતના ભવિષ્ય માટે ચિંતાજનક છે.

વિધાનસભા વિરોધ પક્ષના નેતા ડો. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આદિવાસી સમાજની જમીન અને જંગલ અધિકારના પ્રશ્નો હજુ પણ અધૂરા છે. ફોરેસ્ટ રાઈટ એક્ટ હેઠળના હક્કો ન મળવા, જમીન કબજા અને પુનર્વસન તથા વળતર સંબંધિત પ્રશ્નો અંગે સરકાર મૌન છે. આદિવાસી વિસ્તારમાં રહેતા સમાજના અસલ નિવાસીઓને પણ પ્રમાણપત્રો મેળવવામાં અડચણ થઈ રહી છે. ભરૂચ અને અંકલેશ્વર જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં વધતા હવા અને પાણીના પ્રદૂષણથી લોકોના આરોગ્ય પર ગંભીર અસર પડી રહી છે અને કેન્સર તથા શ્વાસરોગ જેવા રોગોમાં વધારો થઈ રહ્યો છે.

ગુજરાત કોંગ્રેસ આ જન આક્રોશ યાત્રા દ્વારા રાજ્યમાં પરિવર્તનનો શંખનાદ કરી રહી છે અને જનતાના હક, ન્યાય અને ભવિષ્ય માટેની લડતને વધુ તેજ બનાવવા પ્રતિબદ્ધ છે.

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,
૯૮૯૮૨૩૩૦૩૮